# આઘાતનો બનાવ છે કાયમ નહીં રહે, એના જે હાવભાવ છે કાયમ નહીં રહે !

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

આ વખતે તો શેરડીનો મબલખ પાક થશે જ એવી હીરા પટેલને આશા હતી. નાના પોંઢા ગામની સીમમાં પોતાના ખેતરમાં લહેરાતા શેરડીના પાકને જોઈને એમની આંખો ઠરી.

શિયાળાની ઠંડી હવા સાંજના જ ચાલુ થઈ જતી હતી એટલે એ ખેતરથી ઘેર જવા નીકળ્યા. રોજ એ ટ્રેક્ટર લઈને આવતા પણ આજે એ ચાલતા જ આવેલા એટલે વળતા એમણે ચાલવામાં ઝડપ કરી.

''ક્યારે હવે વાઢ કરવાનો છે શેરડીનો?'' હીરા પટેલ ઘેર પહોંચ્યા કે તરત જ લીલા પટલાણીએ પૂછ્યું, "અત્યારે કારતક હાલે છે, માગશરમાં વાઢ લેવાશે?''

''હા,'' હીરાભાઈએ બૂટ કાઢીને ઓસરીના ખાટલામાં બેસતાં કહ્યું, "તું થાળી પીરસ, આજ તો ચાલતા ગયો હતો એટલે ભૂખ પણ લાગી છે બરાબરની.''

નાના પોંઢા ગામમાં હીરા પટેલનું ઘર સરસ હતું. લાઈનબંધ પાંચ ઓરડા, આગળ ઓસરી ને ઓસરીના એક છેડે બાથરૂમ ને બીજા છેડે સંડાસ-બાથરૂમ હતા. બાથરૂમવાળા છેડા પાસેના ઓરડામાં રસોડું હતું. ફળિયું પણ મસમોટું. બે ભેંસ બાંધેલી હોય. ઘરની પાછળ ટ્રેક્ટર રહેતું, જે પાછલા દરવાજેથી બીજી શેરીમાં નીકળે એવી ગોઠવણ હતી.

લીલા પટલાણીએ ખાવા માટે બૂમ પાડી એટલે હીરાભાઈ ઊભા થયા. બાથરૂમમાં જઈને એમણે હાથ ધોયા, ધોતિયાથી જ હાથ લૂછીને એ રસોઈમાં પ્રવેશ્યા.

''રમા કેમ દેખાતી નથી ?'' થાળી પીરસાઈ એટલે હીરાભાઈએ પૂછ્યું.

''રમલી તો એની બહેનપણીના ઘેર ગઈ છે,'' લીલા પટલાણી બોલ્યાં, " અબઘડી આવવી જ જોઈએ. એ તમારી જ દીકરી છે, ક્યાંય ટાંટિયો ટકે જ નહીં.''

હીરાભાઈ હસી પડ્યા.

"હું એમ કહું છું કે," લીલા પટલાણીએ વાત શરૂ કરી, " માગશરમાં આપણે રમલીના લગન લીધા છે ને તમે આ શેરડીના વાઢનું કરશો તો તકલીફ નહીં પડે?''

''લે,'' હીરાભાઈ બોલ્યા, "એમાં તકલીફ શાની? એ તો બધા મહારાષ્ટ્રના મજૂરો, એ એમનું કામ ખેતરમાં કર્યા કરશે. એ બધાને આપણે લગનના આગલા દિવસે ગામના જમણવારમાં બોલાવીને જમાડી દઈશું એટલે એયને બધા રાજીના રેડ થઈ જશે. કાલથી તું લગનની તૈયારીમાં પડી જા ને હું આવતા અઠવાડિયે મહારાષ્ટ્રમાંથી દાડિયા બોલાવવાનું કરું. આમ તો મારે ખાલી ફોન જ કરવાનો છે, એ બધા તો તૈયાર જ હશે એટલે વાંધો નહીં આવે.''

બીજા કે ત્રીજા દિવસે હીરાભાઈએ ખેતરમાં મજૂરો માટે બનાવેલી પતરાની ઓરડીઓ સરખી કરાવી લીધી, લાઈટનું કનેકશન પણ અપાવી દીધું. પાણીના માટલા મુકાવી દીધા ને છાણાં ને લાકડાં પણ ઢગલો કરાવી દીધાં.

એ પછી એમણે ફોન કર્યો ને ત્રીજા દિવસે તો મહારાષ્ટ્રથી પંદર દાડિયા એમના ખેતરમાં હાજર થઈ ગયા! આ બધા દાડિયા દર વરસે આવતા હતા એટલે એમને કશું જ કહેવાની જરૂર ન પડી. સૌએ પોતપોતાની ઓરડી સંભાળી લીધી. એ દિવસે તો બધાની બન્ને ટાઈમની રસોઈ લીલા પટલાણીએ જ બનાવીને મોકલી હતી.

બપોરના હીરાભાઈ ખેતરે આવ્યા. કરશન આ બધા મજૂરોનો આગેવાન હતો એટલે એને થોડા પૈસા એમણે આપી રાખ્યા. આમ તો બધાને પૈસાની અત્યારે ખાસ જરૂર નહોતી કેમ કે ગામ નજીક જ હતું ને દુકાનવાળા પણ વાઢ પતે ત્યાં સુધી બધાને ઉધાર ચા, ખાંડ, દૂધ, તેલ, મીઠું-મરચું એ બધું આપતા જ હતા.

હીરાભાઈ વાત કરતા હતા કરશન જોડે પણ એમની નજર ફરતી હતી બધા મજૂરો પર - કોણ કોણ આ વખતે નથી આવ્યું કે કોને કોને આ વખતે કરશન નવા લઈ આવ્યો છે એ એમની નજર નોંધતી હતી. જો કે બધા એના એ જ હતા એટલે એમને સંતોષ થયો.

એ જ વખતે જુવાનજોધ સવલી એમની પાસેથી પસાર થઈને એની ઓરડીમાં ગઈ. એણે હાથમાં એની દોઢેક વરસની દીકરીને તેડી હતી.

''કરશન,'' હીરાભાઈએ પૂછ્યું, "આ સવલીનો વર કેમ કોઈ વરસ આવતો નથી? એને મજૂરી નથી ગમતી?''

'' બધુંય ગમે છે કાકા,'' કરશન બોલ્યો, " પણ જાત હાલવી જોઈએ ને? એ તો કાયમ માંદો ને માંદો જ રહે છે. આખો દિ બીડીઓ ફૂંક્યા કરે. સવલી મજૂરી કરીને કમાયા કરે ને એનો ધણી ઉડાડ્યા કરે!'' ''બિચારી,'' હીરાભાઈ બોલ્યા, "ઠીક ત્યારે, હું જાઉં છું, કાલે સવારે આવીશ, પછી વાઢ શરૂ કરી દઈશું.''

એ પછી તો હીરાભાઈ ઘેર ગયા. એ વખતે રમા પણ ઘેર હતી. હીરાભાઈ એની સામે જોઈ જ રહ્યાં - જે દીકરી આટલાં વરસ આ ઘરમાં, આ ફળિયામાં રમીને મોટી થઈ ને હવે આ ઘર છોડીને જશે!

" રમા," એમણે રમાને પોતાની નજીક બોલાવી, " બેટા, તારે કંઈ વસ્તુની જરૂર હોય તો મને કહી દે, હું તને લાવી દઈશ. પૈસા જોઈએ તો પણ કહે.''

''મારા માટે તમે બધું લાવ્યા છો બાપુ," રમા બોલી, "હવે મને કશાની જરૂર નથી. તમે મારી ચિંતા ન કરતા બાપુ."

''એ....હવે બાપ-દીકરી ખાવા હાલો," લીલા પટલાણીએ બૂમ પાડી એટલે હીરાભાઈ અને રમા રસોઈમાં ગયાં. ખાવાનું પત્યા પછી લીલા પટલાણીએ રમાના લગનની વાત શરૂ કરી.



''લગનને આડે હવે 25 દિવસ રહ્યા છે,'' લીલા પટલાણી બોલ્યાં, " મેં તો રમલીનું આણું તૈયાર કરીને મૂક્યું છે. તમે માંડવાનું કહ્યું છે?''

''સાંભળ,'' હીરાભાઈ બોલ્યા, " મેં છગન મિસ્ત્રીને ફળિયામાં માંડવો નાખવાનું કહી દીધું છે ને રસોઈ માટે મેં ત્રણ ટંક રસોઈનું વલસાડ અચાભાઈ કંદોઈને કહી દીધું છે. વાનગીનું લિસ્ટ પણ આપી દીધું છે. પહેરામણી માટેનાં કવર પણ મેં લઈ રાખ્યાં છે, આપણે આવતા અઠવાડિયે એમાં પૈસા મૂકી દઈશું. પાણી માટે પણ છગનને જ કહી દીધું છે. ફૂલ ને હારનું પણ એને જ કહી દીધું છે. બધું વ્યવસ્થિત ગોઠવાઈ ગયું છે.''

"હાશ," લીલા પટલાણી બોલ્યાં, " હવે મને શાંતિ થઈ. હવે તમતમારે કાલથી વાઢ શરૂ કરી દો. દોઢ- બે મહિના તો વાઢવાનું કામ હાલશે. આ વખતે શેરડી ક્યાં મોકલવાના છો?''

" લે,'' હીરાભાઈ બોલ્યા, "દર વખતની જેમ વલસાડની ખેડૂત સહકારી મંડળીની ખાંડમિલમાં જ મોકલવાની છે ને આ વખતે તો મબલખ પાક થયો છે. રમાના ભાગ્ય સારા છે.''

''સારું, સારું," લીલા પટલાણી બોલ્યાં, "હવે આડા પડખે થાવ એટલે હું રસોઈનું કામ પતાવીને આવું."

ને બીજી સવારે વહેલા ઊઠીને ટ્રેક્ટરમાં દાતરડાં ને દોરડીઓ ને બીજા ઓજાર લઈને હીરાભાઈ ખેતરે ગયા. એમનાં બાજુ બાજુમાં ચાર ખેતર હતાં, ને દાડિયાઓ એમનું કામ પતે પછી જ ગામના બીજા ખેતરોમાં કામ કરવા જતા. ટ્રેક્ટર ઊભું રાખીને એમણે કરશનને બોલાવ્યો.

''કરશન," એમણે કહ્યું, "તને તો ખબર છે ને કે, ક્યાંથી શરૂ કરવાનું છે?''

''અરે કાકા," કરશન બોલ્યો, "આટલાં વરસથી કામ કરું છું તમારા ખેતરમાં, મને નો ખબર હોય?''

એ સાથે જ કરશને બૂમ પાડીને બધા મજૂરોને ભેગા કર્યા ને ટ્રેક્ટરમાંથી દાતરડાં ઉતરાવી લીધાં. બધાને એક એક દાતરડું ને એક એક દોરડું પકડાવી દીધું.

મજૂરો પણ આ કામથી ટેવાએલા હતા એટલે પાણી ને કાદવવાળી જમીનમાં ચાલતા ખેતરમાં જઈને એમણે વાઢવાનું કામ શરૂ કરી દીધું.

હીરાભાઈ સવલી પાસે ગયા.

"સવલી," હીરાભાઈ બોલ્યા, "નાનકી દીકરી છે તો કામ ફાવશે ને? એનું ધ્યાન કોણ રાખશે?''

''ઉપરવાળો," સવલી હસી, "એને ઘોડિયામાં નાખીને આવી છું. નિરાંતે સૂઈ રહેશે. પછી હું આંટો મારીને જોતી આવીશ. તમે ચિંતા ન કરો.''

**એ બધું કાયમ નહીં રહે, હીરાભાઈ બોલ્યા, "તું આવતા વરસેય બીજું બાળક લઈને જ આવીશ એની ખાતરી આપું છું, જા." સવલી હીરાભાઈની સામે જોઈ રહી, ને હીરાભાઈ ઓરડીનાં બારણાં તરફ જોઈ રહ્યા !**

આટલું કહીને સાગના સોટા જેવી સવલી હાથમાં દાતરડું લઈને શેરડી વાઢવામાં જોતરાઈ ગઈ.

એના ઉપર એક ઉપલક નજર નાખીને હીરાભાઈ આગળ ગયા. બધા મજૂરો કામમાં બરાબર જોતરાઈ ગયા હતા, એ જોઈને એમને સંતોષ થયો.

''કરશન," થોડી વાર રહીને એમણે કરશનને કહ્યું, " દીકરીના લગન છે એટલે હું ઘેર જાઉં છું. બપોર પછી આવીશ. તું સંભાળી લેજે.''

''ભલે કાકા,'' કરશન બોલ્યો, "ને મજૂરીનું કામ હોય તોય કહેજો, અહીંથી બે-પાંચ મજૂરને ઘેર મોકલી દઈશ.''

''ભલે,'' કહીને કરશનભાઈ ઘેર લીલા પટલાણીની મદદમાં ગયા. કંકોતરી મોકલવાનું ને ગામમાં બધાંને કહેવાનું કામ શરૂ થયું.

જોતજોતામાં લગ્નનો દિવસ નજીક આવી ગયો. બુધવારના લગ્ન હતા ને મંગળવારે સવારે ગામના લોકો માટે હીરાભાઈએ જમણવાર રાખેલો. એ ખેતરે ગયા. સાથે લીલા પટલાણી પણ હતાં.

હીરાભાઈએ બધા મજૂરોને બોલાવ્યા.

" સાંભળો બધા," લીલા પટલાણી બોલ્યાં, "મારી દીકરી રમાના પરમદિવસે લગન છે, ને કાલે ગામનો જમણવાર છે એટલે કાલે આપણું કામ બંધ રહેશે. તમને મજૂરી તો કાલની પણ મળશે જ પણ તમારે બધાએ કાલે સવારે અમારા ઘેર જમવા આવવાનું છે અને હું આ સાડીઓ આપું છું, એ પહેરીને જ બધી સ્ત્રીઓ જમવા આવજો. તમારા માટે જ મેં સુરતથી સાડીઓ મંગાવી છે એટલે એ પહેરીને જ આવજો. સવારે તમને ટ્રેક્ટર લઈને તમારા ભૈ લેવા આવશે.'' આટલું કહીને એમણે પેકેટ ખોલીને બધી સ્ત્રીઓને સાડીઓ આપી. એટલું પતાવીને બન્ને ટ્રેક્ટર લઈને ઘેર ગયાં. બીજા દિવસે સવારના દસેક વાગ્યે હીરાભાઈ ટ્રેક્ટર લઈને ખેતરે ગયા ત્યારે લગભગ બધી સ્ત્રીઓ સાડીઓ પહેરીને તૈયાર જ હતી. એક સવલી દેખાતી ન હતી. હીરાભાઈ એની ઓરડી પાસે ગયા તો એ રડતી રડતી બૂમો પાડતી હતી. ''મારી નાનકી,'' સવલી બોલી, "નાનકીને મેં ઘોડિયામાં નાખેલી, અત્યારે એ નથી! કોણ લઈ ગયું હશે એને?''

હાંફતી હાંફતી એ બધાને પૂછી આવી પણ કોઈએ એની નાનકીને જોઈ નહોતી. બધા ટ્રેક્ટરમાં બેસી ગયેલા, એ નીચે ઊતર્યા. સવલી ચારે બાજુ ફરીને એને શોધવા લાગી.

એની ઓરડીની પાછળ પાણીના ધોરિયા પાસે એણે નાનકીની એક ઝાંઝરી જોઈ ને એને ફાળ પડી - નક્કી કોઈ એને ઉપાડી ગયું!

હીરાભાઈ જ્યાંથી ઝાંઝરી મળી એ જગ્યાએ ગયા ને ત્યાં એમણે ભીની માટીમાં કોઈ જાનવરનાં પગલાંની છાપ જોઈ ને એમને ફાળ પડી! કરશન, પુનીયો, માધો,- બધાય ભેગા થઈ ગયા. હો-હા સાંભળીને બાજુના ખેતરવાળા પશાકાકા પણ ત્યાં આવી ગયા.

''હીરાભાઈ,'' પશાકાકા બોલ્યા, " એક દીપડી એનાં બે બચ્ચાં સાથે અહીં ધામા નાખીને પડી છે. કાલે વન વિભાગવાળા આવ્યા'તા, બે બચ્ચાંઓને તો પકડીને એ લઈ ગયા, પણ દીપડી હાથમાં નહોતી આવી મને લાગે છે કે...'' સવલીની આંખોમાંથી આંસુ સરી પડ્યાં. હીરાભાઈ પણ ઢીલા પડી ગયા. ગામમાંથી પણ ઘણાં લોકો આવી ગયાં. બધા તપાસમાં લાગી ગયા. ક્યાંય દીપડીનું પગેરું મળતું નહોતું.

લગભગ અડધા કલાકની શોધખોળ પછી પશાકાકાના ખેતરના શેઢા પાસેથી એક લોહીવાળું ફ્રોક મળ્યું. હાંફળીફાંફળી સવલી ત્યાં પહોંચી. એણે ફ્રોક જોયું ને ફ્રોકને છાતીસરસું ચાંપીને એણે પોક મૂકી.

''અરેરે.....'' સવલીએ પોક મૂકી મારી નાનકીનું જ ફરાક છે. નક્કી એને દીપડી લઈ ગઈ. હવે હું શું કરું?"

છાતી પીટતી સવલી લગભગ બેભાન જેવી થઈ ગઈ. બે-ચાર સ્ત્રીઓ એને ઊંચકીને એની ઓરડીમાં લઈ ગયાં. એના મોં પર પાણી છાંટ્યું. " સવલી," એક મજૂરણે કહ્યું, "હીરાભાઈ વનવિભાગમાં ફરિયાદ લખાવશે, તું ચિંતા ન કર. તને પૈસા પણ મળશે.''

''પૈસા શું મારે ધોઈ પીવા છે બુન," સવલી બોલી, ''મારી દીકરી ઓછી પાછી આવવાની છે? અરેરે, હું શું કરું?'' હીરાભાઈ એની ઓરડીનાં બારણે આવ્યા ને બધાને ટ્રેક્ટરમાં બેસવાનું કહ્યું એટલે બધા ટ્રેક્ટર તરફ ગયા. હવે ઓરડીમાં સવલી ને હીરાભાઈ બે જ હતાં.

''સવલી,'' હીરાભાઈ બોલ્યા, "નાનકી તારી એકલીની જ દીકરી હતી? મારી સામે જો, મને દુઃખ નહીં થતું હોય? હશે,

હજી બે-ત્રણ મહિના તું અહીં છે, તને બીજી નાનકી મળશે પણ હવે શાંત થઈને ટ્રેક્ટરમાં બેસી જા, જા.''

''પણ મને જે દુઃખ લાગ્યું છે એ તમે શું જાણો?'' સવલી બોલી.

" એ બધું કાયમ નહીં રહે," હીરાભાઈ બોલ્યા, "તું આવતા વરસેય બીજું બાળક લઈને જ આવીશ એની ખાતરી આપું છું, જા."

સવલી હીરાભાઈની સામે જોઈ રહી, ને હીરાભાઈ ઓરડીનાં બારણાં તરફ જોઈ રહ્યા!

(શીર્ષકપંક્તિઃ કમલેશ મકવાણા)